રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

## આ અંકની હાઇલાઇટ્સ

- વોર્ડ નં.૧૦માં વાતાનુકૂલિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ તથા રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત
- જીલ્લા ગાર્ડન વિસ્તારમાં શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં. ૪૮નું નવું બિલ્ડીંગ બનશે
- વિવિધ સ્થળે મુલાકાત લેતા માન. મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ
- પ્લાસ્ટિકના કચરાના યોગ્ય નિકાલ માટે રાષ્ટ્રવ્યાપી જનજાગૃત્તિ અભિયાન

# ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

અંક નં. ૧૭ સપ્ટેમ્બર-૨૦૧૯

## રાજકોટ મહાનગરપાલિકાના 30માં કમિશનર તરીકે ચાર્જ સંભાળતા શ્રી ઉદિત અગ્રવાલ



### વહિવટી તંત્ર દરેક નાગરિક પ્રત્યે સંવેદના ધરાવે એ બાબતને પ્રાથમિકતા આપવી રહી....

નમસ્કાર,

માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતના જ નહીં પરંતુ તાજેતરના એક અભ્યાસ રીપોર્ટ અનુસાર, ભારતના સાત ક્રમના અને સમગ્ર વિશ્વના ૨૨માં ક્રમના સૌથી ઝડપથી વિકસી રહેલા શહેર તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરી રહેલા 'સ્માર્ટ સિટી' રાજકોટમાં મને જવાબદારી વહન કરવાની જે ઉમદા તક મળી છે તેનાથી હું ખૂબ જ આનંદ અને ઉત્સાહ અનુભવું છું.

કેન્દ્ર સરકારશ્રીના 'સ્માર્ટ સિટી મિશન'માં દેશના ૧૦૦ શહેરોમાં પસંદગી પામી ચુકેલું રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું આર્થિક કેન્દ્ર ગણાય છે. તેની વિકાસ રફતાર ખૂબ જ નોંધપાત્ર રહી છે. રાજકોટની વસતિમાં થઇ રહેલા વધારાએ રાજકોટ મહાનગરપાલિકાની જવાબદારીઓમાં પણ વૃદ્ધિ કરી છે. મહાનગરપાલિકાની ભૌગોલિક હદ પૂરી થઇ રહી છે ત્યાંથી આજુબાજુના નાના ગામોમાં પણ શહેરીકરણની અસર હેઠળ વિકાસની આવશ્યકતાઓ વર્તાઇ રહી છે. આવા સંજોગોમાં રાજકોટ મહાનગરપાલિકા ની જેમ જ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (RUDA–રૂડા) પણ સ્વાભાવિક રીતે જ નાગરિકોના જીવનધોરણમાં સુધારાઓ લાવવા અને તેઓના હેપિનેસ ઈન્ડેકસમાં વૃદ્ધિ કરવાની મહત્વપૂર્ણ જવાબદારી ઓ વહન કરે છે. રાજકોટના સીમાડા ખૂબ જ વિસ્તારી રહ્યા છે. રાજકોટ હવે મેટ્રો સિટી બનવા દોડ લગાવી રહ્યું છે.

મને એમ લાગે છે કે, શહેર જેમ જેમ વિકાસ પથ પર આગળ ધપતું જાય તેમ તેમ સરકારશ્રી અને વહીવટી તંત્રની સાથોસાથ જાહેર હિતમાં નાગરિકોની નૈતિક ફરજો અને જવાબદારીઓ પણ ક્રમશઃ વધે છે. તેમની વિચારધારામાં ક્રમિક બદલાવ આવે છે. પરિવર્તનના પવન સાથે ગતિ અને દિશામાં તાલમેલ સાધવો પડે છે. વિકાસલક્ષી શહેરીકરણની સાથે નવી નકો અને પડકારો પણ સાથે આવે છે તેને પહોંચી વળવા વહીવટી તંત્ર અને નાગરિકોને ડગલે ને પગલે એકબીજાના સાથ સહકારની આવશ્યકતા રહેશે. જેમ કે, 'સ્માર્ટ સિટી' બનવાની રાજકોટની મહત્વકાંક્ષા પરિપૂર્ણ કરવા માટે નાગરિકોએ પણ વહીવટી તંત્ર સાથે કદમ મિલાવવા પડશે. અરે, બીજા શબ્દોમાં કહું સ્માર્ટ નાગરિકો 'સ્માર્ટ સિટી' પ્રોજેકટનો પાયો બની રહેશે. આજે રાજકોટ શહેર સાફસુથરૂ અને સુંદર ભાસે છે તો તેનો પ્રથમ યશ નાગરિકોને ફાળે જાય છે. વહીવટી તંત્ર તો તેની ફરજો અને જવાબદારીઓ નિભાવી લ્યે છે પરંતુ ત્યારપછીની જવાબદારી નાગરિકોના શિરે રહેતી હોય છે. મારૂ એવું નિરીક્ષણ રહ્યું છે કે, રાજકોટવાસીઓ પોતાના 'સ્વચ્છ રાજકોટ'ની ઉડીને આંખે વળગે એવી સુંદર ઓળખને બરકરાર રાખવા માટે ખરેખર જાગૃત્ત છે. આ જોઇને ખૂબ જ આનંદ થયો.

રાજકોટ મહાનગરપાલિકાની આગામી દિવસોનીવિકાસ કૂચની આછેરી ઝલક વિશે વાત કરૂ તો , 'સ્માર્ટ સિટી', રાજકોટને પ્રગતિની યોગ્ય દિશામાં આગળ લઇ જઇ એક એવી નવી ઓળખ પણ ઉભી કરવાની રહી કે, 'રાજકોટ રહેવાલાયક, જીવવાલાયક અને માણવાલાયક શહેર છે'. રાજકોટ પોતાની સામાજિક અને નૈતિક ફરજો નિભાવવામાં સૌની સાથે ઉભું રહે છે.

અત્યારે શહેરીકરણની સામે દેખાતા પડકારોની વાત કરીએ તો, પર્યાવરણ, પેય જળ, સ્વચ્છતા, લોકોની સુખ–સુવિધા, સરળ પરિવહન, રચનાત્મક પ્રવૃત્તિઓ, શહેરી આયોજન, વહીવટી તંત્ર અને નાગરિકો ની ફરજો–જવાબદારીઓ વગેરે એવા પરિબળો છે જેમાં એક હાથે તાલી નથી વાગી શકતી. એકબીજાને પરસ્પર પૂરક બનીને આ પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકાશે એવું હું ચોકકસપણે માનું છું. હા..., અહિં એક એ મુદ્દા ઉપર હું જરૂર ભાર મુકીશ, જેમાં રાજકોટ મહાનગરપાલિકા નાગરિકો પ્રત્યે પૂર્ણરીતે સંવેદનશીલ બને. મ્યુનિસિપલ કમિશનર તરીકેની મારી એ પ્રાથમિકતા હોવી જ રહી કે, વહિવટી તંત્ર દરેક નાગરિક પ્રત્યે સંવેદના ધરાવે.

રાજકોટ શહેરમાં મારી ફરજ પર હાજર થયાને મને એક માસ થઇ ચુક્યો છે. હાલ તાત્કાલિક ધોરણે હાથ ધરવાના કામોમાં શહેરના માર્ગો સરળ પરિવહન માટે યોગ્ય બનાવવા, બ્રિજના પ્રોજેકટને આગળ ધપાવવા, જાહેર માર્ગો પર રઝળતા પશુઓ તેની યોગ્ય જગ્યાએ રહે, શહેરની સ્વચ્છતા અને સુંદરતામાં વધારો થાય, નાગરિકોને સ્પર્શતા પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા વહીવટી તંત્ર વધુ ને વધુ સંવેદનશીલ બને, વગેરે જેવી બાબતો નો સમાવેશ થાય છે.

રાજકોટની ઝડપી વિકાસ રફતારને નજર સમક્ષ રાખીને વહીવટી તંત્રને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવું એ પણ એટલું જ મહત્વનું બની રહેશે. નવા વિકસી રહેલા વિસ્તારોમાં મજબુત બેઝિક ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા વિકાસ પ્રક્રિયાને વેગવાન બનાવે છે. ઝડપી અને આધુનિક ટેકનોલોજીના યુગમાં વહીવટી તંત્ર પણ તેની સાથે કદમ અને રફતાર મિલાવીને દોડી શકે ઉપરાંત નાગરિકોના જીવનમાં ઉત્તરોત્તર ગુણાત્મક સુધારો લાવી શકે એ પ્રકારે વિકાસલક્ષી યોજનાઓના આયોજન માટે સરકારશ્રીનું માર્ગદર્શન અને ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓ સાથેના મહત્વપૂર્ણ સંકલનના સથવારે રાજકોટ મહાનગરપાલિકા આગળ ધપી રહે છે.

કેન્દ્ર સરકારશ્રીના ''સ્માર્ટ સિટી મિશન''માં સમાવિષ્ટ રાજકોટ શહેર માટેના વિવિધ પ્રોજેક્ટ આગળ ધપાવી રહેલી રાજકોટ મહાનગરપાલિકા ગુજરાત રાજય સરકારશ્રીના સહયોગ સાથે આ પ્રોજેક્ટ શકય તેટલી ઝડપથી પૂર્ણ થાય તે માટે પ્રયત્નશીલ રહેશે.

રાજકોટ તેની વૈવિધ્યપૂર્ણ લાક્ષણિકતા––ઓને કારણે દેશ વિદેશમાં વિખ્યાત છે. વિશ્વમાં રાજકોટની પ્રતિષ્ઠામાં સતત વધારો થાય તેવા પ્રયાસોમાં ''સૌનો સાથ'' તંત્રને મળી રહેશે અને ''સૌનો વિકાસ'' થતો રહેશે એવો મને વિશ્વાસ છે.

ધન્યવાદ...

**ઉદિત અગ્રવાલ, IAS**
**કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા**

## વેલકમ ટુ રાજકોટ...



રાજકોટ મહાનગરપાલિકાના 30માં કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ શ્રી ઉદિત અગ્રવાલે પદાધિકારીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લીધી તે વખતની તસવીરોમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મિરાણી, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઇ મોલિયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઇ જાગાણી તથા શાસક પક્ષના દંડકશ્રી અજયભાઈ પરમાર દ્રષ્ટિગોચર થાય છે.



રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ના ચેરમેન તરીકે નિયુક્ત થયેલ શ્રી ઉદિત અગ્રવાલનું સ્વાગત કરતા ''રૂડા''ના સી.ઇ.ઓ. અને ડેપ્યુટી મ્યુનિ. કમિશનરશ્રી ચેતન ગણાત્રા તસવીરમાં દેખાય છે.



રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્તકમિશનર શ્રી ઉદિત અગ્રવાલનું સ્વાગત કરતા પી.એ.ટુ કમિશનરશ્રી અને આસિસ્ટન્ટ કમિશનર (ઇ.ચા.) શ્રી રવિન્દ્રસિંહ ચુડાસમા, પી.એ.(ટેક.) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી, આસિસ્ટન્ટ મેનેજરશ્રી સંજીવ મંકોડી, સ્ટેનો. શ્રી એન. યુ. દવે, પી.આર.ઓ. (ઇ.ચા.) શ્રી ભૂપેશ રાઠોડ તેમજ શ્રી ભાવેશભાઇ કારેલીયા, શ્રી પ્રશાંત પંડયા, શ્રી જે. પી. ચાવડા અને શ્રી અતુલ પરમાર તસવીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

## રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે

રાજકોટ મહાનગરપાલિકા તથા જીલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેરી વિકાસ મંડળ (રૂડા)ના સયુંકત ઉપક્રમે રૂ.૫૯૧.૭૩ કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટના

**લોકાર્પણ / ખાતમુહૂર્ત**

# વોર્ડ નં.૧૦માં વાતાનુકૂલિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ



પ્રોજેક્ટ ખર્ચ : રૂા.૧૫ કરોડ

રાજકોટ મહાનગરપાલિકા તથા જીલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેરી વિકાસ મંડળ(રૂડા)ના સયુંકત ઉપક્રમે રૂા.૫૯૧.૭૩ કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ / ખાતમુહૂર્ત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં, રાજકોટ મહાનગરપાલિકાના રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રા.શાળા નં.૪૮ના નવા બિલ્ડીંગ તથા વોર્ડ નં.૧૩માં ડી.આઈ.પાઈપ લાઈન નેટવર્કનુ ખાતમુહૂર્ત તેમજ વોર્ડ નં.૧૦માં નિર્માણ પામેલ કોમ્યુનિટી હોલ, ૬ વેક્યુમ રોડ સ્વિમિંગ મશીન અને ૫૧ મિનિ ટીપરવાનનુ લોકાર્પણ તેમજ રાજકોટ જીલ્લા વહીવટી તંત્રની મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પશ્ચિમ)નુ લોકાર્પણ અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન અર્થે ૩ રેફ્યુઝી કોમ્પેકટરનું લોકાર્પણ તેમજ રૂડાના ટી.પી.–૧૦ના ૧૮ મી. અને ૧૨ મી. રોડ, વાવડીથી કાંગશિયાળી ના બીટયુમિનસ રોડ અને હાઈલેવલ બ્રિજ મળી કુલ રૂ.૫૯૧.૭૩ કરોડના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ / ખાતમુહૂર્ત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમા અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયરશ્રી જૈમનભાઈ ઉપાધ્યાય, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જીલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મહામંત્રી શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડક અજયભાઈ પરમાર, નગર પ્રા.શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર અને રૂડાને રૂ.૫૯૨ કરોડના વિકાસ કામો બદલ અભિનંદન આપતા જણાવેલ કે, આજે મને ખુશી તો થાય જ છે સાથે અફસોસ પણ થાય છે. કેમ કે, હું રાજકોટ મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના

# રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

પ્રોજેક્ટ ખર્ચ : રૂા.૫૪૮.૦૦ કરોડ





રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ




ચેરમેન તરીકે હતો એ સમયે રાજ્યની કોંગ્રેસની સરકાર દ્વારા મહાનગરપાલિકા ને કોઈ ગ્રાન્ટ મળતી ન હતી. ૧૯૮૭ સાલમાં ભાદરની પાઈપલાઈન નાખવા માટે પણ રાજ્ય સરકારે પૈસા ન આપતા, એલ.આઈ.સી. અને વર્લ્ડ બેન્ક પાસેથી લોન લેવી પડી હતી. જોકે, જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારથી સ્થાનિક સ્વરાજ્યની સંથાઓને વિકાસ કામો માટેના ભંડોળ સતત મળી રહે છે. તાજેતરમાં જ હું સુરતના એક કાર્યક્રમમાં ગયો હતો અને રૂા.૧૦૦૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા.

માન. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજકોટની સૌથી મોટી રૈયા એરિયાની ટી.પી. સ્કીમ નં.૩૨ માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્લ્ડ ક્લાસ સ્માર્ટ સિટીના નિર્માણનો પાયો નખાઈ રહ્યો છે. સ્માર્ટ સિટી એરિયામાં વાયરિંગ, પાઈપ તેમજ અન્ય યુટીલીટી ડક્ટ અન્ડર ગ્રાઉન્ડ હશે. આપણે સૌ આધુનિક નગર ભણી પ્રયાણ કરી રહ્યા છીએ. ગ્રીન સિટી, ક્લીન સિટી અને હવે સ્માર્ટ સિટીનું જબરજસ્ત સમન્વય થઇ રહ્યું છે. પર્યાવરણને નજર સમક્ષ રાખી રાજ્યભરમાં વૃક્ષારોપણની ઝુંબેશ તાજેતરમાં આપણે ચલાવી અને અર્બન ફોરેસ્ટનો પ્રોજેક્ટ પણ આગળ ધપાવ્યો. હવે આપણે સૌ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી, પર્યાવરણની રક્ષા કરીએ એ આજની સમયની માંગ છે. રાજકોટ કેટરિંગ એસોસિએશનએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહિ કરવાનો જે સંકલ્પ અહીં રજુ કર્યો છે તે અભિનંદન ને પાત્ર છે.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ એ પણ યાદ અપાવ્યું કે, મેઘરાજાની અસીમ કૃપાથી માત્ર રાજકોટ જ નહિ, ગુજરાતના લગભગ તમામ તળાવો ભરાઈ ગયા છે. ગત સાલ ઉનાળામાં જનભાગીદારી સાથે રાંદરડા તળાવ તેમજ રૈયા સ્માર્ટ સિટી એરિયાના ત્રણ તળાવ ઊંડા ઉતારવા ઝુંબેશ ચલાવી હતી. તે વખતે મે કીધેલું કે, ઉનાળામાં આ કામ માટે આપણે જે પરસેવો વહાવીએ છીએ તેનું ફળ એક વર્ષ પછી મળશે. આપણે આજે એ પરિણામ જોઈ શકીએ છીએ. જળ વિના વિકાસ શકય નથી. આ વાતને ધ્યાનમાં રાખી, રાજ્ય સરકારએ જળ સંચય અભિયાનની મદદથી ગુજરાતને પાણીદાર બનાવેલ છે. રાજ્ય ના ૧૪,000 તળાવ ઊંડા ઉતારેલ હતા જે આજે ભરાઈ ગયા છે. આ વર્ષે મેઘરાજા એ પણ ખૂબ વહાલ વરસાવ્યું છે. ૫૭ ઈંચ વરસાદથી માહોલ ઉત્સાહમય બન્યો છે.

તેમણે એમ પણ કહ્યું કે, સરદાર સરોવર બંધમાં ૧૩૮ મીટરની ઊંચાઈમાં હવે માત્ર ૧ મીટર ઊંચાઈ બાકી રહી છે. પાણીની નવી આવક ચાલુ જ છે. તમને યાદ અપાવું કે, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે તાત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક વખત રજૂઆત કરી છતાં, ૭ વર્ષ સુધી ડેમના દરવાજા ચડાવવાની અનુમતિ મળી ન હતી. ત્યાર પછી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બન્યા બાદ, ફક્ત ૧૭ દિવસમાં દરવાજા ચડાવવાની મંજૂરી આપી દીધી. ૭૦ વર્ષ બાદ સરદાર સરોવરના દરવાજા બંધ થયા અને ગુજરાતના વિકાસના દરવાજા ખુલી ગયા. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની જળ સમસ્યા સૌની યોજના થકી ઉકેલાઈ ગઈ છે. કુલ ૧૧૫ ડેમો સૌની યોજનાથી ભરવામાં આવશે. વિશેષમાં તેમણે ઉમેર્યું કે, દરિયાના ખારા પાણીને મીઠા બનાવવા માટેના પ્લાન્ટ પણ જુદી જુદી ૧૦ જગ્યાએ બનાવવામાં આવશે. વિવિધ યોજનાઓ થકી રાજ્ય સરકાર ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવા આગળ વધી રહી છે.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર અને રૂડા કચેરીના મળી કુલ રૂા.૫૯૧.૭૩ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવી રહ્યા છે તે રાજકોટ માટે આનંદની વાત છે.

આજે લોકાર્પણ થયુ એ જસ ખરેખર માન.શ્રી અંજલીબેનને જાય છે. બે વર્ષ પહેલા માન. અંજલીબેનએ તેમનો વિચાર રજુ કર્યો હતો કે,

| | |
|---|---|
| **રાજકોટ મહાનગરપાલિકા :** | |
| રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનું ખાતમુહૂર્ત | ૫૪૮.00 કરોડ |
| શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રા.શાળા નં. ૪૮ના નવા બિલ્ડીંગ ખાતમુહૂર્ત | ૩.0૩ કરોડ |
| વોર્ડ નં.૧૩માં ડી.આઇ. પાઇપલાઇન નેટવર્કનું ખાતુમુહૂર્ત | ૧.૭૧ કરોડ |
| વોર્ડ નં.૧૦માં નિર્માણ પામેલ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ | ૧૫.00 કરોડ |
| ૬ વેક્યુમ રોડ સ્વિપિંગ મશીનનું લોકાર્પણ | ૪.૨૧ કરોડ |
| ૫૧ મિનિ ટીપરવાનું લોકાર્પણ | ૨.૫૪ કરોડ |
| **રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર :** | |
| મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પશ્ચિમ)નું લોકાર્પણ | ૪.0૧ કરોડ |
| **રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ (રૂડા) :** | |
| ઘનકચરા વ્યવસ્થાપન અર્થે ૩ રેફ્યુઝી કોમ્પેકટરનું લોકાર્પણ | ૧.૨૩ કરોડ |
| ટી.પી.-૧૦ના ૧૫ મી. અને ૧૨ મી. રોડનું ખાતમુહૂર્ત | ૮.0૪ કરોડ |
| વાવડીથી કાંગશિયાળીના બીટયુમિનસ રોડનું ખાતમુહૂર્ત | ૧.૯૩ કરોડ |
| હાઈલેવલ બ્રિજનું ખાતમુહૂર્ત૨.0૩ કરોડ | ૨.0૩ કરોડ |

રાજકોટ શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોતાના શુભ પ્રસંગો કરવા માટે રાજકોટ કોર્પોરેશન દ્વારા શહેરના જુદા–જુદા વિસ્તારોમાં ૧૭ કોમ્યુનિટી હોલની સવલતો છે. પણ જયારે ૧૮માં કોમ્યુનિટી હોલનું મહિલા કોલેજ પછી લગ્ન પ્રસંગ માટે એક સુંદર કોમ્યુનિટી હોલની જરૂરિયાત છે. રેલ્વે પાટા પછી રૈયા રોડ પર માત્ર એક કોમ્યુનિટી હોલ છે. આ કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત પણ


રૈયા સ્માર્ટ સિટી એરિયામાં અટલ સરોવર ખાતે નીરના વધામણાં કરતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



આપણા મુખ્યમંત્રીશ્રી દ્વારા બે વર્ષ પહેલા સપ્ટેમ્બર ૨૦૧૭માં કરવામાં આવેલ. આ હોલનું બાંધકામ કામોની રૂકાવટ વગર બે વર્ષમાં પૂર્ણ કરીને બે વર્ષ કરતા વહેલુ આ હોલનુ લોકાર્પણ રાજકોટ શહેરની જનતા માટે આજરોજ કરવામાં આવેલ. આ હોલનું ઈન્ટીરીયર જોતા શહેરીજનો પણ સ્વયં બોલી રહ્યા છે કે, આપણા લાડીલા પનોતા પુત્ર અને માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ચાલતી આ ફાસ્ટ ટ્રેક ગવર્મેન્ટ છે અને રાજકોટ શહેર માટે અનેકવિધ લોકોની સુખાકારી વધારતા પ્રોજકેટ માટે આ સરકાર દ્વારા ૧૦૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ઓગષ્ટમાં ફાળવવામાં આવી છે. તાજેતરમાં ભારે વરસાદ થતા રસ્તા મરામત માટે પણ ગ્રાન્ટ મળવા માટે રજૂઆત કરેલ અને માન. મુખ્યમંત્રીશ્રીએ શહેર રસ્તા મરામત માટે ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય પણ કરેલ છે.

રાજકોટ શહેરનો વિકાસ હરણફાળ ગતિએ થઇ રહ્યો છે. રાજકોટ શહેરનો સમાવેશ સ્માર્ટ સિટીમાં થયેલ છે. પર્યાવરણને નજર સમક્ષ રાખીને, જે અંતર્ગત અનેકવિધ સગવડતાઓ ધરાવતા પ્રોજેક્ટો ડેવલપ થઇ રહ્યા છે. આ પ્રોજેકટમાં એક ડીસ્ટ્રીક કુલિંગ સિસ્ટમનો અમલ ગુજરાતમાં પહેલીવાર રાજકોટ શહેરથી થઇ રહ્યો છે. જેમાં પ્રથમ ફેઇઝમાં રાજકોટ કોર્પોરેશન બિલ્ડીંગ ને આવરી લેવાશે. પછી તબક્કાવાર અન્ય વિસ્તારોમાં તેનો અમલ થશે.

મને એ કહેતા ખરેખર ગર્વ થાય છે કે, મુખ્યમંત્રી પદે રાજકોટના પનોતા પુત્ર માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી છે અને તેઓએ રાજકોટ શહેરના શહેરીજનોની સુખાકારીને નજરમાં રાખીને અનેકવિધ પ્રોજેક્ટની ભેટ આપી છે તેની યાદી ઘણી લાંબી છે. આ સીલસીલો હજી પણ તેવી જ તેજ રફતારથી આગળ ધપવાનો છે. જેનો લાભ સમગ્ર રાજકોટને થશે. રાજકોટ શહેર ખુબજ ટૂંકાગાળામાં મેટ્રો સિટી બનવા જઈ રહ્યું છે જે આપણા સર્વે માટે ખુબજ ગર્વ લેવા જેવું છે.

આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગતમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે, શહેરના ત્રણેય ઝોનમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ, ૧૪માં નાણાપંચની ગ્રાંટ તથા અમૃતમ ગ્રાન્ટમાંથી જુદી જુદી સોસાયટીના રસ્તા કામ, વોટરવર્કસ ના કામ, ડ્રેનેજના કામો તથા આવાસ યોજનાના આશરે રૂ.૬૯૧.૪૯ કરોડ ના કામો કરવામાં આવેલ છે. તેમજ સરકારશ્રી દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલીકાની કુલ– ૧૯ ટી.પી. સ્કીમો મંજુર કરવામાં આવી છે.

રૈયા સ્માર્ટ સિટી રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અંતર્ગત આશરે ૯30 એકરમાં ફેલાયેલ ટી.પી.–૩૨ના સ્માર્ટ સિટી વિસ્તારમાં આશરે ૫૪૮ કરોડના ખર્ચે નીચે જણાવેલ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. યુનાઈટેડ નેશન એન્વાયમેન્ટલ પ્રોગ્રામ હેઠળ ડિસ્ટ્રીકટ કુલીંગ સીસ્ટમ માટે ૨૦૧૭માં પ્રિફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ટેકનીકલ સપોર્ટ યુનાઈટેડ નેશન તરફથી મળેલ છે. શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. અંદાજે રૂા.3.03 કરોડના ખર્ચે શાાળનું અતિઆધુનિક બિલ્ડીંગ બનાવવામાં આવશે જેમાં આશરે ૧૭૪0 ચો.મી. ભુકંપ પ્રતિરોધક ફ્રેમસ્ટ્રકચર આધારિત બાંધકામ કરવામાં આવશે વોર્ડ નં.૧૩માં કોઠારીયાના નવા ભળેલ રહેણાંક વિસ્તારો માટે પાણીની સુવિધામાં વધારો કરવા માટે ડી.આઇ. પાઇપ લાઇન નેટવર્ક તથા ૧૧00 નળ કનેકશનની કામગીરી આવશે રૂા.૧.૭૧ કરોડના ખર્ચે કરવામં આવશે. જેનાથી અંદાજે ૭000 લોકોને લાભ થશે.

વોર્ડ નં.૧0માં યુનિવર્સિટી રોડ પર એસ.એન.કે. સ્કૂલ પાસે અંદાજે રૂા.૧૫ કરોડના ખર્ચે સંપુર્ણ પણે એરકન્ડીશન અને અંદાજે ૧000 લોકોની ક્ષમતા ધરાવતા બે કોમ્યુનિટી હોલ, ડાઈનિંગ હોલ, ૧0 રૂમ, કીચન, એલ.ઈ.ડી. લાઈટ, બે લીફ્ટ, ફાયર સેફ્ટી વિગેરે સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જેનું આજે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ થયેલ છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં શહેરની સફાઇ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની સુવિધામાં વધારો કરવા અંદાજે રૂા.૬.૭૫ કરોડની સ્વચ્છ ભારત મીશનની ગ્રાંટમાંથી ટ્રક માઉન્ટેડ મિકેનિકલ પાવર વેક્યુમ રોડ સ્વીપીંગ મશીન નંગ–૬ તથા મીની ટીપરવાન નંચ–૫૧ ખરીદ કરવામાં આવેલ છે. તેનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સમાવેશ પામેલ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત અંગેની વિસ્તૃત માહિતી આપતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ જણાવેલ કે, સ્માર્ટ સિટી એરિયામાં નિર્માણ પામનાર વિવિધ સુવિધાઓ ટોપ ક્લાસ હશે. જેમાં, ડીસ્ટ્રીક્ટ કુલિંગ સિસ્ટમની અમલવારી કરવાની નવી પહેલ કરી છે. સ્માર્ટ સિટી એરિયા ખરા અર્થમાં નમુનેદાર બનશે. વિશેષમાં રાજકોટ શહેરમાં ગરીબોને અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકોને આધુનિક શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે મોર્ડન સ્કુલનં નિર્માણ પણ થનાર છે. સાથોસાથ રાજકોટ સ્વચ્છ ભરત મિશન હેઠળ દેશમાં ટોચનું સ્થાન પામે તે માટે મહાનગરપાલિકા પુરા પ્રયત્નો કરશે તેમજ મને રાજકોટમાં જવાબદારી સંભાળવાની જે તક મળી છે તે બદલ હું રાજ્ય સરકારનો આભારી છું.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીનું મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, પ્રદેશ અગ્રણીય શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી અને શ્રી કિશોરભાઈ રાઠોડ તેમજ મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, કલેકટરશ્રી રેમ્યા મોહન, તેમજ પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ વિગેરે દ્વારા માન. મુખ્યમંત્રી શ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

વોર્ડ નં.૧0ના કોર્પોરેટર અને મેયર શ્રી બિનાબેન આચાર્ય, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી અશ્વિન––ભાઈ ભોરણીયા, પૂર્વ કોર્પોરેટરશ્રી પરેશભાઈ હુંબલ, તેમજ સંગઠનના શ્રી માધવભાઈ દવે, શ્રી રજનીભાઈ ગોલ, શ્રી પરેશભાઈ તન્ના વિગેરેએ પૂ. મહાત્મા ગાંધીજીની પ્રતિમા અર્પણ કરી સ્વાગત કરેલ. જયારે મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા અને સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા દ્વારા કરવામાં આવ્યું. જયારે આભારવિધી ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા દ્વારા કરવામાં આવેલ.



# રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ

ભારત સરકારશ્રીનાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા તા.૨૫-૬-૨૦૧૫નાં રોજ સમગ્ર ભારતનાં ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવેલ. જેમા રાજકોટ શહેરનો પણ સમાવેશ કરવામાં આવેલ. સ્માર્ટ સિટી મિશનની માર્ગદર્શિકા અને ત્રીજા રાઉન્ડની ટાઇમ લાઇન મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રપોઝલ રજુ કર્યા બાદ સ્માર્ટ સિટી મિશન અન્વયે તા.૨૩-૬-૨૦૧૭નાં રોજ કેન્દ્ર સરકારે જાહેર કરેલા વધુ ૩૦ શહેરોની યાદીમાં રાજકોટ શહેરનો સમાવેશ થયેલ છે. સ્માર્ટ સિટી અંતર્ગતનાં તમામ પ્રોજેકટનું ઝડપી તથા સરળ અમલીકરણ માટે રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા Special Purpose Vehicle (SPV) તરીકે રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી.(RSCDL)ની રચના કરવામાં આવેલ છે તથા રાજકોટ સ્માર્ટ સિટી માસ્ટર પ્લાનને IGBC દ્વારા ગ્રીન સિટી સર્ટીફિકેશન પણ આપવામાં આવેલ છે.

રાજકોટ દ્વારા ગ્રીન ફીલ્ડ એરીયા માં સ્માર્ટ સિટી ડેવલપ કરવા માટે પ્રપોઝલ કરવામાં આવેલ જે અન્વયે રૈયા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૩૨ તૈયાર કરવામાં આવી આ ટી.પી. સ્કીમનો વિસ્તાર ૯૩૦ એકર જેટલો છે તેમજ આ વિસ્તારમાં સ્માર્ટ સિટી, અટલ લેઇક, મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર, સ્પોર્ટ્સ એરેના, ન્યુ રેસકોર્ષ વગેરે પ્રોજેક્ટને સાકાર કરવામાં આવશે.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં મુખ્ય બે કંમ્પોનેન્ટ છેઃ (૧) એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ (ABD) અને (૨) પાન સિટી સ્માર્ટ સોલ્યુશનનો સમાવેશ કરવામાં આવેલ છે.

– એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ અંતર્ગત ૯૩૦ એકરમાં ફેલાયેલ ટી.પી.૩૨ નાં સ્માર્ટ સિટી વિસ્તારમાં રૂા.૫૪૮ કરોડનાં ખર્ચે વિવિધ સુવિધાઓ જેમ કે રોડ નેટવર્ક, ૨૪×૭ વોટર સપ્લાય, રીસાયકલ વોટર, ડીસ્ટ્રીક્ટ કુલીંગ સીસ્ટમ, ડ્રેનેજ, યુટીલીટી ડક્ટ વગેરે સુવિધા ઓ માટે રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કરવામાં આવનાર છે,



## ૧. રોડ નેટવર્કઃ

- રોડ ડેવલપમેન્ટનાં ભાગરૂપે સ્માર્ટ સિટી રૈયા વિસ્તારમાં કુલ ૨૧ કી.મી. રોડ, રૂા.૧૯૯ કરોડનાં ખર્ચે ડેવલપ કરવાનું આયોજન છે. જેમા ૬૦ મીટર, ૪૫ મીટર, ૪૦ મીટર, ૩૬ મીટર, ૨૪ મીટર તથા ૧૮ મીટર પહોળાઇનાં આર.ઓ.ડબલ્યુ.નાં રોડનો સમાવેશ થયેલ છે.
- ૬૦ મીટર પહોળાઇનાં અંદાજીત ૧.૬૨ કી.મી. રસ્તો BOULEVARD રોડ તરીકે ડેવલપ કરવામાં આવશે.
- આ ઉપરાંત સ્માર્ટ સિટી વિસ્તારમાં અંદાજીત ૧૦.૫૦ કી.મી. લંબાઇમાં બી.આર.ટી.એસ. કોરીડોર તથા બસ સ્ટોપ ડેવલપ કરવામાં આવનાર છે.

## ૨. ૨૪× ૭ વોટર સપ્લાય :

સ્માર્ટ સિટી વિસ્તારમાં ૨૪×૭ વોટર સપ્લાય માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- ૩૩ કી.મી. લંબાઇનાં DI પાઇપ લાઇન ડીસ્ટ્રીબ્યૂશન નેટવર્કનું આયોજન કરવામાં આવેલ છે.
- રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ટ્રીટ થયેલ વોટર ૭૦૦ એમ.એમ. ડાયામીટરની પાઇપલાઇન દ્વારા સ્માર્ટ સિટી વિસ્તારમાં રીઝરવોયર પર સગ્રહ થશે.
- અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ રીઝરવોયર પર એક દિવસની સંગ્રહશક્તિ રહેશે.
- ન્યુમેટીક પંપીંગથી ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં પાણી વિતરણ કરવામાં આવશે.
- ૨૪×૭ વોટર સપ્લાય નેટવર્ક જેમાં ૧૭ મી. રેસીડ્યુલ પ્રેસર રહેશે. આ યોજનાનો અંદાજીત ખર્ચ **રૂા.૪૪ કરોડ** થશે.

## ૩. સીવરેજ સીસ્ટમ :

સ્માર્ટ સિટી વિસ્તારમાં ડ્રેનેજ કલેક્ટીવ સીસ્ટમ તથા પમ્પીંગ સ્ટેશન સાથેની સીવરેજ સીસ્ટમ તૈયાર કરવામાં આવનાર છે, જેમાં નીચે મુજબનાં મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે.

- ૩૨ કી.મી. લંબાઇનાં સીવર કલેક્ટીવ સીસ્ટમનો આયોજન કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા ડાયામીટર ના આર.સી.સી. પાઇપ તથા આર.સી.સી. મેનહોલનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ૩૧ એમ.એલ.ડી. પમ્પીંગ સ્ટેશનનું આયોજન કરવામાં આવેલ છે, જે એકત્રીત કરવામાં આવેલ સીવરેજ નજીકનાં એસ.ટી.પી. સુધી લઇ જશે.
- પમ્પીંગ સ્ટેશનથી એસ.ટી.પી. સુધી સીવરેજ લઇ જવા માટે ૮૦૦ એમ.એમ. ડાયાની ૨.૫ કી.મી. લંબાઇની DI પાઇપલાઇન રાઇઝીંગ મેઇનનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાનો અંદાજીત ખર્ચ **રૂા.૨૯ કરોડ** થશે.

## ૪. રી-સાયકલ્ડ વોટર સપ્લાય સિસ્ટમ :

સ્માર્ટ સિટી વિસ્તારમાં હૈયાત એસ.ટી.પી.નાં ટ્રીટેડ પાણીને ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરી ભવિષ્યની વધારાની માંગને પહોંચી વળવા સ્માર્ટ ૩૩ કી.મી. રી-સાયકલ પાણીનાં નેટવર્કનું આયોજન કરવામાં આવેલ છે.

આ શુધ્ધ થયેલ પાણીને રી-સાયકલ પમ્પીંગ સ્ટેશન ખાતે સંગ્રહ કરી જરૂરીયાત મુજબનું પાણી ન્યુમેટીક પમ્પીંગ તથા સ્કાડા સીસ્ટમની મદદથી રી-સાયકલ નેટવર્ક દ્વારા વિતરણ કરવામાં આવશે.

આ યોજનાનો અંદાજીત ખર્ચ **રૂા.૩૫ કરોડ** થશે.

## ૫. સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સીસ્ટમ :

ઓપન ચેનલ અને આર.સી.સી. બોક્સ ડ્રેઇન નેટવર્કનાં સયોજનથી મુખ્ય રસ્તાઓ પર વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્કનું આયોજન કરવામાં આવેલ છે. હાઉસહોલ્ડ પ્રોપર્ટીઝ અને રોડ પરનાં વરસાદી પાણી, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક દ્વારા એકત્રીત કરી વરસાદી પાણીને ત્રણેય તળાવોમાં પહોંચાડવામાં આવશે જેથી ત્રણેય તળાવોમાં પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ થશે.

આ યોજના હેઠળ ૩.૯ કી.મી. ઓપન ચેનલ અને ૩૭ કી.મી. બોક્સ ડ્રેઇનનું બાંધકામ કરવામાં આવશે.

જેનો અંદાજીત ખર્ચ **રૂા.૭૪ કરોડ** થશે.

## ૬. સ્ટ્રીટ લાઈટીંગ :

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે શેરી લાઈટીંગ અને એલાઇડ સપોર્ટ સીસ્ટમ ને ધ્યાનમાં લેવામાં આવી છે, જેમાં નીચે મુજબનાં ઘટકો હશે.

– એલ.ઇ.ડી. લુમિનેર

– સ્માર્ટ સ્ટ્રીટ લાઇટ ડીઝાઇન

– ગૃપ કંટ્રોલ અને મોનીટરીંગ

– ડીમીંગ અને ટાઇમરની જોગવાઇ

– સેન્ટ્રલાઇઝ્ડ ડેટા મોનીટરીંગ અને કંટ્રોલ આ યોજના હેઠળ ૩૫૫૫ સ્માર્ટ એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ નેટવર્ક તૈયાર કરવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧૭.૭૦ કરોડ** થશે.

## ૭. પાવર કેબલ્સ માટે યુટીલીટી ડ્ક્ટ્સ :

પાવર કેબલ તથા ઓ.એફ.સી. કેબલ્સ નેટવર્ક મુકવા માટે સ્પેશીયલ આર.સી.સી. ડ્ક્ટ્સ બનાવવા અંગે આયોજન કરવામાં આવેલ છે.

આ યુટીલીટી ડ્ક્ટમાં જુદા જુદા લેવલે ૧૬૪ કી.મી. લંબાઇની FRP ટ્રે નાખવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧૦૨ કરોડ** થશે.

| આર.ઓ.ડબલ્યુ | લંબાઇ (કી.મી.) |
|---|---|
| ૬૦ મી. | ૦૩.૨૩ |
| ૪૫ મી. | ૧૭.૦૨ |
| ૪૦ મી. | ૦૪.૧૨ |
| ૩૬ મી. | ૦૪.૯૫ |
| ૨૪ મી. | ૧૧.૩૭ |
| ૧૮ મી. | ૦૧.૦૫ |
| કુલ | ૪૧.૭૨ |

## ૮. ડીસ્ટ્રીક્ટ કુલીંગ સિસ્ટમ :

– ડીસ્ટ્રીક્ટ કુલીંગ સિસ્ટમનો કન્સેપ્ટ સૌરાષ્ટ્રમાં પહેલીવાર અમલવારી કરવામાં આવનાર છે.

– ડી.સી.એસ. એક ઉર્જા બચાવતું એર કન્ડીશનીંગ સીસ્ટમ છે, જે પરંપરાગત એર કન્ડીશનીંગ સીસ્ટમ ૩૫% જેટલી ઓછી ઉર્જાનો ઉપયોગ કરે છે, આ સિસ્ટમ અંતર્ગત એક સેન્ટ્રલ સ્ત્રોતથી ઠંડુ પાણી (Chilled Water) ભુગર્ભ પાઇપનાં માધ્યમથી બિલ્ડીંગ્સને પહોંચાડવામાં આવે છે.

– સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલ રાજકોટ મહાનગરાપાલિકા બિલ્ડીંગ, સરકારી ઇમારતો, રહેણાંક વિસ્તાર, વ્યવસાયિક વિસ્તારો વિગેરેમાં ડી.સી.એસ. એર કન્ડીશનીંગ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

– રાજકોટ સ્માર્ટ સિટીને લેન્ડ પાર્સલ ડેવલપર દ્વારા ન્યુનત્તમ તથા મહત્તમ એ.સી. ડીમાન્ડ જણાવવામાં આવશે, જે મુજબ રાજકોટ સ્માર્ટ સિટી ઓથોરીટી એર કંડીશનીંગ માટે ચીલ્ડ વોટરની વ્યવસ્થા કરી આપશે. મહિનાનાં યુસેઝ પરલેન્ડ પાર્સલ ડેવલપર દ્વારા નિયત ચાર્જ ઓથોરીટીને ચુકવવાનો રહેશે.

આ યોજના હેઠળ ૯૦૦ મી.મી. થી ૧૫૦ મી.મી. ડાયા સુધીની ૩૧ કી.મી. લંબાઇની ડીસ્ટ્રીક્ટ કુલીંગ પાઇપ લાઇન નાખવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૨૮ કરોડ** થશે.

આમ ખરા અર્થમાં રાજકોટ સ્માર્ટ સિટી હવે ગ્રીન સીટી કન્સેપ્ટ પર વિકાસ પામશે અને દેશનાં અન્ય શહેરો માટે રોલ મોડલ બનશે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# જીલ્લા ગાર્ડન વિસ્તારમાં શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં. ૪૮નું નવું બિલ્ડીંગ બનશે



**બિલ્ડીંગની વિશેષતાઓ:-**

– આશરે રૂ. ૩.૦૩ કરોડના ખર્ચે G+1 બિલ્ડીંગનું ભૂકંપ પ્રતિરોધક ફ્રેમ સ્ટ્રકચર આધારિત ડીઝાઇનનું આધુનિક બાંધકામ
– આશરે કુલ ૧૭૪૦ ચો.મીનુ બાંધકામ
– કુલ ૯ આધુનિક ક્લાસરૂમની સુવિધા
– પ્રિન્સીપલ ઓફીસ, સ્ટાફરૂમ, એડમીન ઓફિસની અલગ સુવિધા
– ઉપરાંત લાઇબ્રેરી, કોમ્પ્યુટર લેબ, મ્યુઝીક એન્ડ આર્ટ્સ રૂમ અને સ્ટોર રૂમની સગવડતા
– શાળા બિલ્ડીંગ માટેના જરૂરી બેઝીક ફર્નિચરની સાથે
– વિશાળ મલ્ટી પર્પસ શેડ સેલ્ફ સપોર્ટેડ રૂફિંગ સીસ્ટમ સાથે
– વિદ્યાર્થીઓના રમતગમત માટે પ્લે ગ્રાઉન્ડ ની વ્યવસ્થા
– વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ ટોઇલેટની વ્યવસ્થા
– વિશાળ પ્લાન્ટેશન એરિયા
– ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ પ્લાનિંગ
– સિક્યુરિટી કેબીનની અલાયદી સુવિધા
– ફાયર એકસટીંગવિશરની સુવિધા
– રેઇન વોટર હર્વેસ્ટીંગની સુવિધા

## વોર્ડ નં.૧૦માં યુનિવર્સિટી રોડ પર કોમ્યુનનીટી હોલ



રાજકોટ શહેરમાં પશ્ચિમ ઝોન હેઠળનાં વિકસીત વિસ્તારમાં વોર્ડ નં.૧૦માં લગ્ન પ્રસંગ તેમજ અન્યો શુભ પ્રસંગો માટે કોમ્યુસનીટી હોલની વ્યવસ્થા ન હોવાનાં કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮માં આધુનિક કોમ્યુનીટી હોલની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવેલ. જે અન્વયે સંપૂર્ણ વાતાનુકુલીત અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો આધુનિક સુવિધાઓ સાથેનો જેમ કે દરેક ફ્લોર પર ડાઈનીંગ હોલ, કીચન, વોશીંગ, સર્વિસ સ્ટે ઈર, સર્વિસ લીફ્ટ, મુખ્ય લીફ્ટ નંગ–૨, ગ્રાઉન્ડન ફ્લોર તેમજ સેલર પાર્કીંગ તથા શુભ પ્રસંગોએ આવતા મહેમાનોને કોમ્યુનીટી હોલમાં જ રહેવાની સુવિધા મળી રહે તે માટે ૧૦ (એ.સી.) ટોયલેટ–બાથ સાથેનાં આધુનિક સવલતવાળા રૂમોનું બાંધકામ કરવામાં આવેલ છે.

વધુમાં, સદરહું કોમ્યુનીટી હોલને એનર્જી એફીશીયન્ટો બનાવવા માટે એલ.ઇ.ડી. લાઇટસ, સંપૂર્ણ હવા–ઉજાસ તેમજ ડબલ પ્લમમ્બીંનગ સીસ્ટીમનું આયોજન કરવામાં આવેલ છે. કોમ્યુનીટી હોલનું આકર્ષક એલીવેશન તૈયાર કરવામાં આવેલ છે.

**આ પ્રોજેકટની સંક્ષિપ્ત આ વિગત નીચે મુજબ છે.**

– **પ્લોટનું ક્ષેત્રફળ :** ૩૭૯૩.૦૦ ચોરસ મીટર
– **બાંધકામ ક્ષેત્રફળ :** ૮૬૧૧.૦૦ ચો.મી. (૯૨૬૫૪.૦૦ ચો. ફુટ)
– **બાંધકામનું અંદાજીત ખર્ચ :** રૂ.૧૫.૦૦ કરોડ.
– **સેલર પાર્કીંગ :** ૨૩૬૮.૦૦ ચો.મી. (૨૫૪૭૯.૦૦ ચો. ફુટ)
– **ગ્રાઉન્ડ્ ફ્લોર :** ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
– **ફસ્ટ્ર ફ્લોર :** ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
– **સેકન્ડ્ ફ્લોર :** ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
– **થર્ડ ફ્લોર :** ૮૪૩.૦૦ ચો.મી. (૯૦૭૦.૦૦ ચો. ફુટ)
– **સેલર તથા ગ્રાઉન્ડ ફ્લોર :** પાર્કીંગ અને ઓફીસ એરિયા સિક્યુરીટી રૂમ
– **પ્રથમ માળ :** અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો સેન્ટ્રલી એ.સી. હોલ જેમાં અલગ ડાઇનીંગ હોલ, કિચન, સ્ટોલર અને વોશીંગની સુવિધા.
– **બીજો માળ :** અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો સેન્ટ્રલી એ.સી. હોલ જેમાં ડાઈનીંગ હોલ, કિચન, સ્ટોજર અને વોશીંગની સુવિધા.
– **ત્રીજો માળ :** ૧૦ (એ.સી.) રૂમ એટેચ ટોયલેટ સાથે તથા ડોરમેટરીની વ્યવસ્થા.
– ગ્રાઉન્ડ ફ્લોરથી થર્ડ ફ્લોર સુધી **બે લીફ્ટ જનરેટર** સુવિધા આપવામાં આવેલ છે.
– **ફાયર સેફટી સિસ્ટમ**ની સુવિધા આપવામાં આવેલ છે.

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટેના મીની ટીપરની વિગત

– **કામનું નામ :** ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે મીની ટીપર ખરીદવાનું કામ
– **કુલ સંખ્યા :** ૫૧
– **કુલ ખર્ચ રૂા. :** ૨,૫૪,૨૩,૫૦૦
– **ગ્રાન્ટ :** સ્વચ્છ ભારત મિશન
– **ઉપયોગીતા :** હાલની ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી વધુ સઘન બનશે.

– **કામનું નામ :** ટ્રક માઉન્ટેડ મિકેનીકલ પાવર વેક્યુમ રોડ સ્વીપીંગ મશીન ખરીદવાનું કામ
– **કુલ સંખ્યા :** ૦૬
– **કુલ ખર્ચ રૂા. :** ૪,૨૧,૨૦,૦૦૦
– **ગ્રાન્ટ :** સ્વચ્છ ભારત મિશન
– **ઉપયોગીતા :** જાહેરમાર્ગો પર સફાઈની કામગીરી સઘન બની શહેરને 'ડસ્ટ ફ્રી' બનાવવામાં આવશે.

## રૂડા દ્વારા આંતરમાળખાકીય સુવિધા અંતર્ગત લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલ પ્રોજેકટની વિગત

**૧. લોકાર્પણ પ્રોજેકટની માહિતી :**

SJMMSVY હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી રૂડાના ગામોમાં ઘનકચરા એકત્રીકરણ અને વહન માટે ૩(ત્રણ) રેફ્યુઝ કોમ્પેકટરની ખરીદી કરવામાં આવેલ છે. રેફ્યુઝ કોમ્પેકટર દ્વારા ગામોમાં મુકવામાં આવેલ કન્ટેઇનર––માંથી કચરો એકત્ર કરી, રાજકોટ મહાનગરપાલિકાની લેન્ડફિલ સાઇટ માં નિકાલ કરવામાં આવશે. રૂડા દ્વારા હાલમાં ૧૧૮ કન્ટેઇનર ૩૦(ત્રીસ) ગામોમાં મુકવામાં આવેલ છે, પરંતુ રૂડા વિસ્તારના ગામોમાં થતા વિકાસને ધ્યાન લઇ વધારાની ૨૦૦ કન્ટેઇનર મુકવામાં આવશે. આમ કુલ ૩૧૮ કન્ટેઇનર ઘનકચરા વ્યવસ્થા––પન અર્થે ઉપયોગમાં લેવામાં આવશે. આ કન્ટેઇનરમાં એકત્ર થતા કચરાના વહન અને નિકાલ અર્થે ખરીદવામાં આવેલ કોમ્પેકટર મારફત કામગીરી કરવામાં આવશે. **રૂા.૧.૨૩ કરોડ**ના ખર્ચે ખરીદવામાં આવેલ આ ૩(ત્રણ) રેફ્યુઝ કોમ્પેકટર મારફત રૂડાના તમામ ગામોમાં ઘનકચરાની સમસ્યાનો નિકાલ લાવી શકાશે.

**૨. ખાતમુહૂર્ત પ્રોજેકટની માહિતી :**

– રૂડા વિસ્તારની મોટામવા ખાતેની ટી.પી.–૧૦ના ૧૨ મી. તથા ૧૮ મી.ના કુલ ૫૦૦૦ મીટરની લંબાઇના રસ્તાઓ પર કાર્પેટ સાથેની કામગીરી **રૂા.૮૦૪ લાખ**ના ખર્ચે કરવામાં આવશે.
– રાજકોટ મહાનગરપાલિકાના વાવડી ગામથી સત્તામંડળના કાંગશીયાળી ગામે આવેલ ગોંડલ રોડ (નેશનલ હાઇવે) ને જોડતા ૧૬૦૦ મીટર લંબાઇના મુખ્ય રસ્તાનું બીટયુમીન કાર્પેટીંગનું કામ **રૂા.૧૯૩ લાખ**ના ખર્ચે કરવામાં આવશે. આ રસ્તાથી ગોંડલ ચોકડી પર ટ્રાફિકનું ભારણ હળવુ થશે.
– રીંગ રોડ–૨ ફેઝ–૨ કાલાવડ રોડથી ગોંડલ રોડ સુધીના રસ્તાની પથ રેખામાં આવેલ ચે.૬+૨૦૦ પરના બ્રીજનું બાંધકામ **રૂા.૨૦૩ લાખ**ના ખર્ચે કરવામાં આવશે. **રૂા.૧૨૦૦ લાખ**ના ખર્ચે રૂડા વિસ્તારમાં બીટયુમીન સાથેના રોડ તથા રીંગ રોડ–૨ પરના બ્રીજના બાંધકામ હાથ ધરવામાં આવશે.

## વોર્ડ નં.૧૩ ખોડિયારનગર, વિશ્વકર્માનગર વિસ્તારમાં ડી.આઇ.પાઇપલાઇન નાંખવાનું કામ

– **કામની વિગત :** વોર્ડ નં.૧૩ ખોડિયારનગર, વિશ્વકર્માનગર (કોઠારીયા અઘાટ) વિસ્તારમાં ડી.આઇ. પાઇપ લાઇન નાંખવાનું કામ.
– **સમાવિષ્ટ વોર્ડ નં.૧૩નાં વિસ્તાર :** ખોડિયારનગર, વિશ્વકર્માનગર (કોઠારીયા અઘાટ)
– **અંદાજીત લંબાઇ :** ૯.૬૧ કિ.મી.માં જુદા–જુદા ડાયામીટરની ડી.આઇ. પાઇપ લાઇન કામનો સમાવેશ થયેલ છે.
– **કામની અંદાજીત રકમ રૂા. :** રૂા.૧,૪૪,૨૨,૦૦૦
– **એજન્સીનાં ભાવ સાથેની અંદાજીત રકમ રૂા. :** રૂા. ૧,૭૧,૩૪,૭૭૮
– **અંદાજીત નળ કનેકશનની સંખ્યા :** ૧૧૦૦
– **અંદાજીત લાભાર્થીની સંખ્યા :** ૭ હજાર



રાષ્ટ્રપિતા પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતો અને સંદેશાઓના પ્રસાર અર્થે વિરાટ સાઈકલ રેલી

પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે

# પોરબંદર-દિલ્હી સુધી સુરક્ષા દળોના જવાનોની સાઈકલ યાત્રા

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વાગત-સન્માન કરાયું : દેશભક્તિના ગીતોનો શાનદાર કાર્યક્રમ પણ યોજાયો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તેમના સિદ્ધાંતો અને સંદેશાઓના પ્રસાર અર્થે વિવિધ સુરક્ષા દળોની પોરબંદર–દિલ્હી સુધીની સાઈકલ યાત્રાનું તા. ૮–૯–૨૦૧૯ના રોજ વિશ્વ વિખ્યાત મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે સ્વાગત અને સન્માન તેમજ દેશભક્તિના ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું દીપ પ્રાગટ્ય રાજકોટના ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ તથા મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે થયુ હતું. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતાં. પૂ.મહાત્મા ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત વિવિધ સુરક્ષા દળો BSF, CRF, SSP, આસામ રાઈફલ, NSG તથા SPGના કુલ ૭૦૦ અધિકારીઓ – જવાનો દ્વારા સ્વચ્છતા, અહિંસા અને નશાબંધીના સંદેશાઓના પ્રસાર અર્થે પોરબંદરની દિલ્હી સુધી સાઈકલ યાત્રાનુ આયોજન કરવા આવેલ જેનું તા.૭–૯–૨૦૧૯ ના રોજ પોરબંદર ખાતે પૂ. મહાત્મા મંદિરથી રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પ્રસ્થાન કરાવેલ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષના દંડક શ્રી અજયભાઈ પરમાર તેમજ સુરક્ષા દળના કમાન્ડન્ટશ્રીઓ શ્રી આલોક ભૂષણ, શ્રી આર. સી. બીસરીયા, શ્રી એ. કે. તિવારી અને શ્રી અજય પ્રતાપસિંહ તેમજ ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણી, એ.એમ.સી. શ્રી એચ. આર. પટેલ તેમજ વિવિધ સુરક્ષા દળોના ૭૦૦ જેટલા જવાનો અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલે આ પ્રસંગે એમ જણાવ્યું હતું કે, આપણા સૌનું એ સદભાગ્ય છે કે, પૂ. ગાંધી બાપુએ ભારતમાં જન્મ લીધો ને તેમણે સત્ય અને અહિંસાના મંત્ર અને સૂત્ર સાથે જગાવેલ વિરાટ આંદોલન થી ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી. આ વૈશ્વિક મહામાનવ બાદ, આઝાદીના ૭૦ વર્ષ પછી આપણને એવા પ્રધાનમંત્રી મળ્યા છે કે જેમનો અવાજ પણ માત્ર ભારતમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં પડઘાય છે. પૂ. ગાંધી બાપુ અને સરદાર પટેલની જોડી પછી છેક ૭૦ વર્ષ પછી આપણા દેશને એક એવી જોડી મળી છે જે દેશને આઝાદી પછીની આબાદી અને પ્રગતિ તરફ લઈ જાય. પૂ.મહાત્મા ગાંધી બાપુ સત્ય અને અહિંસા તેમજ સ્વચ્છતા જેવા આદર્શો સાથે જીવ્યા હતાં. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂ. ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના અવસરે પૂ. બાપુને આપણે સૌ શું ભેટ આપી શકીએ એ વિચારીને દેશમાં સ્વચ્છ ભારત મિશન હાથ ધર્યું હતું. આપણે સૌ ૨–ઓક્ટોબરે પૂ. બાપુને સ્વચ્છ ભારતની ભેટ આપીએ એ જ તેમણે સાચી અંજલિ ગણાશે.

આ અવસરે માન. મેયર શ્રી બિનાબેન આચાર્યએ તેમના વક્તવ્યમાં ઉપસ્થિત સુરક્ષા દળોના જવાનોને સમગ્ર રાજકોટ વતી આવકારતા એમ જણાવ્યું હતું કે, જેમના સિદ્ધાંતોનો સંદેશ લઈને પોરબંદર થી દિલ્હી સુધીની જે સાઈકલ યાત્રા યોજાઈ છે તે પો.. ગાંધી બાપુ આપ સૌ જ્યાં બેઠા છો એ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા હતાં. આજે આ સ્કૂલ એક આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમમાં પરિવર્તિત થઈ ચુકી છે. આ સાઈકલ યાત્રાના માધ્યમથી સમગ્ર દેશમાં પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતો સત્ય, અહિંસા અને સ્વચ્છતાનો સંદેશ તમામ દેશવાસી સુધી પહોંચશે એવી મને શ્રધ્ધા છે.

બી.એસ.એફ. કમાન્ડન્ટ શ્રી એ. કે. તિવારીએ પ્રાસંગિક ઉદબોધનમાં એમ જણાવ્યું હતું કે, પૂ. ગાંધી બાપુએ જ્યાં શિક્ષણ લીધું એ ભૂમિને તેમજ સુરક્ષા દળોના ૭૦૦ જેટલા જવાનોનું જ્યાં સ્વાગત સન્માન થઈ રહ્યું છે તે રાજકોટ શહેર તથા રાજકોટ મહાનગર–પાલિકાને વંદન કરૂ છું. આજે સુરક્ષા દળોના જવાનોને કારણે દેશની તમામ સીમા સુરક્ષિત છે. અમો સાઈકલ યાત્રા તથા પ્રચાર માધ્યમોના સાથસહકાર સાથે પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતો સત્ય, અહિંસા અને સ્વચ્છતાનો સંદેશ ઘર ઘર પહોંચાડીશું. સાથોસાથ આ કાર્યક્રમના આયોજન બદલ અમો રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ શહેરનો આભાર માનીએ છીએ.

કાર્યક્રમના પ્રારંભે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, પોરબંદરથી દિલ્હી સુધીની યાત્રા થકી પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતોનો સંદેશ પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવા નિકળેલા સુરક્ષા દળોના જવાનોનું અહિં રાજકોટ એટલે કે પૂ. ગાંધી બાપુએ જ્યાં અભ્યાસ કર્યો હતો એ ભૂમિમાં આપ સૌનું સ્વાગત છે. હું આ તકે એટલું ચોક્કસ કહીશ કે, આજે આપનો દેશ અને આપણે સૌ સુરક્ષા દળોના જવાનોને કારણે સુરક્ષિત છીએ. સુખ ચેનથી જીવી શકીએ છીએ. મને એ કહેતા ગર્વ થાય છે કે, આજે આપણા દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જબરદસ્ત નેતૃત્વ થકી પ્રત્યેક દેશવાસી અને સુરક્ષા દળોના તમામ જવાનોના માથા ગૌરવથી ઊંચા રહ્યા છે અને કોઈના શિર ઝૂકવા દીધા નથી.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ અને શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર સાઈકલ યાત્રામાં સામેલ ૭૦૦ જેટલા જવાનોના અધિકારીશ્રીઓને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી સુરક્ષા દળોનું સ્વાગત સન્માન કર્યું હતું. ત્યારબાદ ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણીએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક વડે સ્વાગત કર્યું હતું. તેમજ ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને શાસક પક્ષના દંડક શ્રી અજયભાઈ પરમારે મંચ પર બિરાજમાન સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીશ્રીઓનું પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમ બાદ વિખ્યાત સિંગર શ્રી બંકિમ પાઠકના સ્વર અને સંગીતકાર શ્રી પંકજ ભટ્ટના સંગીતના સૂરોના સથવારે દેશભક્તિ ના ગીતોનો કાર્યક્રમ ઉપસ્થિત જવાનોએ માણ્યો હતો.





## રાજકોટ આઈ-વે પ્રોજેક્ટના ICCCની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે

રાજકોટ મહાનગરપાલિકાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી અને ગૌરવ પ્રાપ્ત કરી ચુકેલા ‘‘આઈ–વે પ્રોજેક્ટ‘‘ના ICCC (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર)ની નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૭–૯–૨૦૧૯ના રોજ મુલાકાત લીધી હતી અને આ પ્રોજેક્ટના તમામ ફંકશન નિહાળી પ્રોજેક્ટ્સની ઝીણામાં ઝીણી વિગતો અને આયોજન સંબંધી વિગતો મેળવી હતી.

કમિશનરશ્રીએ મુલાકાત દરમ્યાન ડાઈરેક્ટર (આઈ.ટી) શ્રી સંજય ગોહેલ પાસેથી આઈ–વે પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવેલ તમામ આસાઓની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી. સાથોસાથ કમિશનરશ્રીએ કંટ્રોલ સેન્ટરના વિશાળ સ્ક્રીન પર લાઈવ સચિત્ર નિદર્શન પણ નિહાળ્યું હતું. જેમાં આઈ–વે પ્રોજેક્ટની મદદથી સમગ્ર શહેરના રાજમાર્ગો અને અન્ય વિસ્તારનું નિરીક્ષણ, ટ્રાફિક મેનેજમેન્ટ, ક્રાઈમ ડીટેક્શન, સરકારી મિલકતોની દેખભાળ, મહાનગરપાલિકાના ‘‘સ્કાડા‘‘ હેઠળ વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાનું વોટર મેનેજમેન્ટ, ટ્રાફિક નિયમ ભંગ બદલ જનરેટ થતા ઈ–ચલન વગેરેનો સમાવેશ થાય છે.

## નુકશાન થયેલ મુખ્ય રસ્તાઓની મિશન મોડમાં મરામત કામ શરૂ કરાવતા મ્યુનિ. કમિશનરશ્રી



રાજકોટ મહાનગરપાલિકા ના નવનિયુક્ત કમિશ્નરશ્રી ઉદીત અગ્રવાલે તા. ૧૩–૦૯–૨૦૧૯ના રોજ વેસ્ટ ઝોનના વિવિધ એરિયાની રૂબરૂ મુલાકાત લીધી હતી, તેમજ માર્ગો ક્ષતિગ્રસ્ત છે, તેનું મિશન મોડ માં આજથી જ મરામત કાર્ય શરૂ કરાવ્યું હતું. આ ઉપરાંત પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારી ઓ સાથે એક અગત્યની મીટીંગ યોજી હતી. જેમાં નાયબ કમિશનરશ્રી ચેતન નંદાણી, સીટી એન્જી. શ્રી કે.એસ. ગોહિલ, સહાયક કમિશનરશ્રી સમીર ધડુક તેમજ અન્ય ટેકનીકલ અને વહીવટી બ્રાન્ચના અધિકારીઓ હાજર હતા. આ મિટિંગમાં કમિશનરશ્રીએ નાગરિકો તરફથી આવતી ફરિયાદો અને પ્રશ્નોના સત્વરે નિકાલ કરવાના કામને ટોચની અગ્રતા આપવા તથા ફિલ્ડમાં રૂબરૂ જઈને પ્રવર્તતી વાસ્તવિક સ્થિતિથી વાકેફ રહેવા પણ સૂચના આથી હતી. દરમિયાન મ્યુનિ. કમિશનરશ્રીએ વેસ્ટ ઝોન કચેરીના વિવિધ વિભાગો ની મુલાકાત પણ લીધી હતી.

## પૂર્વ ઝોન અને સેન્ટ્રલ ઝોનના વિસ્તારોની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી



રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે તા. ૧૮–૯–૨૦૧૯ના રોજ વોર્ડ નં.૫માં આવેલ વિવિધ વિસ્તારો જેવા કે, બેડીપરા, નદી કાંઠાના વિસ્તાર, વ્હોરા સોસાયટી, સૈફી કોલોની જેવા જુદા જુદા વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકત દરમ્યાન PGVCL, વરસાદી પાણીને કારણે ચોકઅપ થયેલ ડ્રેનેજની સફાઇ કરાવવી, અવારનવાર ચોકઅપ થતી ડ્રેનેજને રીપેર કરાવવી, નદી કાંઠાના રોડના વરસાદી પાણીના નિકાલ માટે દિવસ પાસે પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરાવવી, સૈફી કોલોનીની બે શેરીમાં ડામર રીકાર્પેટ ૨૦૧૯–૨૦ એકશન પ્લાનમાં કરાવવા અંગે સુચના આપવામાં આવી હતી, તેમજ જરૂરિયાત મુજબ લીટરબીન મુકવા અંગે સુચના આપેલ, ઢોરના લીધે ગંદકી જોવા મળતા જરૂરી જણાય તેવા સ્થળે કેટલટ્રેપ કરી ગટર મારફતે ગંદકીનો નિકલ થાય તેવી વ્યવસ્થા કરાવવા અંગેની સુચના આપવામાં આવી હતી. મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા રાજકોટ શહેરની ગલીએ ગલીએ રૂબરૂ જઇને જરૂરિયાત મુજબ કામગીરીની તાત્કાલિક થાય તેનું રૂબરૂ પરિક્ષણ કરી વધુને વધુ સ્વચ્છતા અને જાહેર જનતાને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેવા ઉદ્ધેશથી અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

## બેડીપરા અને નદી કાંઠાના વિસ્તારની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી



તા.૨૫–૦૯–૨૦૧૯ના રોજ વિઝીટ દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીએ રામનાથપરા સ્મશાનમાં બંધ પડેલી ઈલેક્ટ્રિક ભઠ્ઠી રીનોવેટ કરી પૂનઃ ચાલુ કરવા, આજી નદીના પશ્ચિમ કાંઠા પરની વરસાદને કારણે ડેમેજ થયેલી રીટેઈનિંગ વોલ સત્વરે રીપેર કરવા સૂચના આપી હતી. દરમ્યાન બેડીનાકા પાસે આવેલા ડ્રેનેજ મિકેનિકલ વિભાગની મુલાકાત લઇ ડ્રેનેજ કલીનિંગ માટેની વિવિધ મશિનરી જેવી કે, જેટીંગ મશિન, સકશન મશિન વગેરેની જાણકારી મેળવી હતી અને ડ્રેનેજ સંબંધી ફરિયાદોનો સત્વરે નિકાલ થઇ શકે તે માટે આ વાહનોના મેઈન્ટેનન્સ પણ સમયસર થતા રહે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. સાથોસાથ વોર્ડ નં.૩માં કમિશનરશ્રી બાલાજી પાર્ક, રાધિકા રેસીડેન્સી, મેરીગોલ્ડ હાઇટ, શ્રધ્ધા સોસાયટી સહિતના વિવિધ વિસ્તારોમાં ફરી રસ્તાઓની કામ બાબતે અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી હતી. ઉપરોકત સ્થળ વિઝિટ દરમ્યાન એડી. સિટી એન્જિનિયરશ્રી એમ. આર. કામલિયા, સિટી એન્જીનિયર (સ્પે.) શ્રી એચ. યુ. દોઢિયા તેમજ પી.એ. (ટેક) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી તથા જે તે વોર્ડના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.



## આવાસ યોજનાઓની મુલાકાત

મ્યુનિ. કમિશનરશ્રીએ રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ આવાસ યોજનાઓની મુલાકાત લઈ જાણકારી પ્રાપ્ત કરી હતી. આ મુલાકાત દરમ્યાન સિટી એન્જીનીયર (હાઉસિંગ) શ્રી અલ્પના મિત્રા સહિતના અધિકારીઓ ઉપસ્થિત હતા.

# પ્રદ્યુમન પાર્ક ઝૂની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



## પ્રદ્યુમન પાર્ક ઝૂ ને વધુ નમૂનેદાર બનાવવા ઈનોવેટીવ પગલાંઓ અંગે મ્યુનિ. કમિશનરશ્રીની ચર્ચા

રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી ઉદિત અગ્રવાલે શહેરના ખાસ કરીને પ્રદ્યુમન પાર્ક ઝૂની તા.૨૫–૦૯–૨૦૧૯ના રોજ મુલાકાત લઇ આ સ્થળને વધુ નમૂનેદાર બનાવવા કેવા કેવા ઈનોવેટીવ પગલાંઓ લઇ શકાય અને તેની શક્યતાઓ કેટલી છે તે અંગે પ્રાથમિક ચર્ચા કરી હતી. સાથોસાથ ઝૂના પ્રવેશ દ્વાર ખાતે સ્થિત ટિકિટ બારીથી અંદર જતા રસ્તાની પહોળાઈ વધારવા અંગેની ચર્ચા કરી હતી.

સ્થળ વિઝિટ દરમ્યાન એડી. સિટી એન્જિનિયર શ્રી એમ. આર. કામલિયા, સિટી એન્જિનિયર (સ્પે.) શ્રી એચ. યુ. દોઢિયા તેમજ પી.એ. (ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી તથા જે તે વોર્ડના અધિકારીશ્રીઓ હાજર રહયા હતાં.





## સ્વિમિંગ પૂલની મુલાકાત







રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી ઉદિત અગ્રવાલે મહાપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલની મુલાકાત લીધી હતી સ્થળ વિઝિટ દરમ્યાન એડી. સિટી એન્જિનિયર શ્રી એમ. આર. કામલિયા, સિટી એન્જિનિયર (સ્પે.) શ્રી એચ. યુ. દોઢિયા તેમજ પી.એ. (ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી તથા જે તે વોર્ડના અધિકારીશ્રીઓ હાજર રહયા હતાં.





## ‘સ્વચ્છતા એજ સેવા’

# પ્લાસ્ટિકના કચરાના યોગ્ય નિકાલ માટે રાષ્ટ્રવ્યાપી જનજાગૃત્તિ અભિયાન

રાષ્ટ્રપિતા પૂ. ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે આગામી તા.૨-ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં સમગ્ર દેશને સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી મુક્ત કરવા કેન્દ્ર સરકારશ્રી દ્વારા આજથી રાષ્ટ્રીય અભિયાન સ્વચ્છતા એજ સેવાનો શુભારંભ કરવામાં આવેલ છે. સાથોસાથ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ‘સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦’ માટે પણ સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા તથા પ્લાસ્ટીકના કચરાના યોગ્ય નિકાલ માટે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રવ્યાપી જાગૃતિ લાવવા માટે નાગરિકોના વિશાળ લોક ઝુંબેશ તા.૧૧-૦૯-૨૦૧૯ થી તા. ૨૭-૧૦-૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. પર્યાવરણ માટે અત્યંત આશીર્વાદરૂપ એવા આ મહાઅભિયાન સ્વચ્છતા એજ સેવાનું તા. ૧૧-૯-૧૯ના રોજ સવારે સવારે ૧૧:૦૦ કલાકે મથુરા ખાતે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ટી.વી. ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘સ્વચ્છતા હી સેવા’ ના શુભારંભ અવસરે તેમના ઉદ્‌બોધનમાં દેશવાસીઓને સિંગલ યુઝ પ્લાસ્ટીક નો વપરાશ બંધ કરી તેની અવેજીમાં કાપડની થેલીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. તા.૧૧-૦૯-૧૯ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના કોન્ફરન્સ હોલ ખાતે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી તા.૧૧-૦૯-૨૦૧૯ થી તા.૨૭-૧૦-૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાત કરતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, સરકારશ્રી દ્વારા તા.૦૨-૧૦-૨૦૧૯ ના રોજ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે તમામ મહાનગર--પાલિકાના નાગરિકોને જોડી જન--જાગૃતિ અભિયાન સ્વરૂપે, શ્રમદાન, ક્લિન એન્ડ ગ્રીન ડ્રાઈવ, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા રેલી, પ્લાસ્ટીક કચરાનું એકત્રીકરણ, જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવનાર છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ શાખાઓના અધિકારીશ્રી / કર્મચારીશ્રીને કામગીરી સોપવામાં આવેલ છે.

આ વિશે મ્યુનિ. કમિશનરશ્રીએ વિશેષમાં જણાવ્યું હતું કે, આ વિવિધ પ્રવૃત્તિઓમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ ફરમાવેલ તેનો ચુસ્તપણે અમલ થાય અને આ અંગેની સઘન ઝુંબેશ હાથ ધરવી, વોર્ડ વાઈઝ વાસણ ભંડાર વાળાની દુકાનની મુલાકાત લઈ, તેઓને લગ્ન પ્રસંગો, સંમારંભોમાં પ્લાસ્ટીકની વસ્તુ આપવાને બદલે અન્ય વાસણ આપવા માટેની સમજ આપવી, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ના ડ્રાઈવરો અને હેલ્પરો દ્વારા લોકો પાસેથી ભીનો કચરો અને સુકો કચરો અલગથી લે તે માટેની ચેકીંગ ઝુંબેશ હાથ ધરવી, રાજકોટ શહેરમાં હાલમાં કાર્યરત MRF સેન્ટરની મુલાકત લઈને તેઓ દ્વારા કેટલો પ્લાસ્ટીક એકઠોં કરવામાં આવે છે તે અંગેની ચેકીંગ ઝુંબેશ હાથ ધરવી, ગાર્બેજ ટ્રાન્સપોર્ટેશને આવતા ડ્રાય વેસ્ટનું MRF દ્વારા પ્લાસ્ટીક કચરાનું વર્ગીકરણ અલગથી થાય તેવી વ્યવસ્થા કરવી, મલ્ટીલેયર પ્લાસ્ટીકના ઉત્પાદન તથા નમકીન ઉત્પાદન કરતાં યુનિટો સાથે EPR અંગેની મિટીંગ આયોજન કરવું, હાલમાં વોર્ડ ઓફિસમાં કામ કરતા કાર્યરત મિત્રમંડળના સભ્યોને સેગ્રી--ગેશન અંગેની તાલીમ આપવી, પ્લાસ્ટીક મુકત થીમ ઉપર ઓડીયો-વિડિયો બનાવવા અને તેનું પ્રચાર-પ્રસાર કરાવવુ, NGO તથા SHG જોડી ઘરમાંથી નકામા કપડા એકત્રીત કરીને તેમાંથી કપડાની થેલી બનાવી અને તેનું ઘરે-ઘરે વિતરણ કરવાની કાર્યવાહી કરવી, વોર્ડ વિસ્તારમાં આવેલ તમામ ગીફ્ટ, આર્ટીકલ શોપની મુલાકાત લઇ ગીફ્ટ પેક માટે વપરાતા પ્લાસ્ટીક્ના બદલે કપડા, કાગળ કે અન્ય વસ્તુનો ઉપયોગ કરવા માટેની સમજણ આપવી, પ્લાસ્ટીક મુકત ભારત વિષય ઉપર શાળા, કોલેજના વિદ્યાર્થીઓની સ્વચ્છતા રેલી તથા સ્વચ્છતા શપથ માટેનું આયોજન કરવું, જન જાગૃત્તિના ભાગરૂપે NGO સાથે સંકલન કરી શ્રમદાન અંગેનુ આયોજન કરવું, પ્લાસ્ટીક મુકત ભારત પર શાળાના વિદ્યાર્થીઓ સાથે નિબંધ-સ્પર્ધા, ચિત્ર-સ્પર્ધા ડ્રામા, વગેરે જેવી ઈન્ટર સ્કુલ સ્પર્ધાનું આયોજન કરવું, શહેરના નાગરિકો, NGO, SHG ગ્રૃપ, ખાનગી સંસ્થાઓ, સ્વચ્છતા એમ્બેસેડરો સાથે રાખીને પ્લાસ્ટીક કચરો એકત્ર કરવા માટેની ઝુંબેશ હાથ ધરવી. સૌથી વધુ કચરો એકઠોં કરનારને સન્માનિત કરવામાં આવશે, નાગરિકો તથા NGOઓને સાથે રાખી રાંદરડા તળાવ તથા આજીડેમ, ન્યારી-ડેમના કિનારા પરથી પ્લાસ્ટીકનો કચરો દુર કરવા માટેની ઝુંબેશનું આયોજન કરવા, આજીડેમ, ન્યારી ડેમ તથા ગ્રીનલેન્ડ ચોકડી ખાતે સીંગલ યુઝ પ્લાસ્ટીક ચેકીંગ હાથ ધરવા અંગેની કામગીરી કરવી, તમામ રેસ્ટોરન્ટ, હોટલધારકોનું સિંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રતિબંધ અંગેનું ચેકીંગ હાથ ધરવું, વોર્ડના નાગરીકો દ્વારા તેઓના ઘરોમાં રહેલ સીંગલ યુજ પ્લાસસ્ટીંક વોર્ડ ઓફીસે જમા કરવા માટેની કાર્યવાહી કરવી, પ્લાસ્ટીક મુકત શહેર કઇ રીતે બને તે વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવું અને વોર્ડ વિસ્તારમાં આવેલ ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ અને ધાર્મિક સ્થળોના ધર્મગુરૂઓ પોતાના પ્રવચનમાં લોકો સીંગલ યુઝ પ્લાસ્ટીક ન વાપરે તે માટે પ્રચાર પ્રસાર કરવા અંગે ધર્મગુરૂઓને વિનંતી સહ આ મહાભિયાનમાં સામેલ કરવા વગેરેનો સમાવેશ થાય છે.

## માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઝુંબેશનો શુભારંભ

> **‘દેશવાસીઓએ પર્યાવરણ માટે અત્યંત નુકશાનકારક એવા સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરી તેની અવેજીમાં કાપડની થેલીનો ઉપયોગ કરવા મારી અપીલ છે.’**
>
> – શ્રી નરેન્દ્રભાઈ મોદી
> માન. પ્રધાનમંત્રીશ્રી



ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ



# નમામિ દેવી નર્મદે મહોત્સવ

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ ખાતે નર્મદા નીરના વધામણા, મહાઆરતી તથા વૃક્ષારોપણ

માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ હોઈ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં નમામિ દેવી નર્મદે મહોત્સવ અંતર્ગત નર્મદાના નીરના વધામણા અને પૂજન કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંતો મહંતો, સમાજના શ્રેષ્ઠીઓ અને શહેરીજનોની ઉપસ્થિતિમાં તા.૧૭–૦૯–૨૦૧૯ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માન. મેયરશ્રી બિનાબેન આચાર્યની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં નર્મદા મૈયાના નીરના વધામણા, મહા આરતી, રાસ ગરબા, લોકગીત, લોક સાહિત્ય તથા સંતોના આશીર્વચન વગેરે સમાવિષ્ટ હતા.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મોરચા શ્રી ભાનુબેન બાબરીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળીયા, ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રી નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, આરોગ્ય કમિટી ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, સમાજ કલ્યાણ કમિટી ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયા, માર્કેટ કમિટી ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, શાળા બોર્ડના ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, મહિલા મોરચા મહામંત્રી શ્રી કિરણબેન માકડિયા, પુનીતાબેન પારેખ તેમજ સાધુ સંતો, સમાજના શ્રેષ્ઠીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રી ઓ ઉપરાંત શહેરના આશરે ૮ થી ૧૦ હજાર જેટલા શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે,આજના દિવસે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નો જન્મ દિવસ છે ત્યારે આપણા માન. મુખ્યમંત્રીશ્રી ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યમાં નમામિ દેવી નર્મદે મહોત્સવનું આયોજન થયેલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ફક્ત ૧૭ દિવસમાં ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરના દરવાજા ચડાવવાની મંજૂરી અપાઈ અને તાજેતરમાં સારા વરસાદથી સરદાર સરોવર ડેમ પ્રથમ વખત ૧૩૮.૬૮ મીટર એટલે કે ૪૫૫ ફૂટની સર્વોચ્ચ સપાટી સુધી નર્મદાનીરથી ભરાઈ જતા, સમગ્ર ગુજરાતના નાગરિકોમાં અનેરા આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી હતી. સરદાર સરોવરના કારણે વીજળી, ૪૦૦૦ ગામડાઓને સિંચાઇ, ૧૦૦૦૦ગી વધુ ગામડાઓને પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થયેલ છે.

વિશેષમાં તેમણે જણાવેલ કે, રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટને શાહેને પીવાનું પાણી પૂરું પાડતા જળાશયો આજી, ન્યારી અને ભાદરને નર્મદા સાથે જોડી, શહેરની પાણીની યાતનાનો અંત લાવેલ છે. માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની રાજકોટના શહેરીજનો ને ૨૪ કલાક પાણી મળે તેવી લાગણી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા DI પાઈપલાઈન બિછાવી તે દિશામાં આગળ વધી રહી છે. ચંદ્રેશનગર વિસ્તારને મોર્ડન એરિયા તરીકે જાહેર કરી મીટર મુકવાની કામગીરી પૂર્ણતાના આરે છે. વિશેષમાં નવા ભળેલ વિસ્તાર કોઠારીયા વાવડીમાં પણ DI પાઈપ લાઈનની કામગીરી ચાલી રહેલ છે. માન. મુખ્યમંત્રી શ્રી રાજકોટના વિકાસની સતત ચિંતા કરી રહેલ છે અને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહયોગ મળતો રહ્યો છે. ભારે વરસાદના કારણે ડેમેજ થયેલ રસ્તાઓનો રાજકોટ મહાનગરપાલિકાએ સર્વે પણ કરી લીધે છે અને રસ્તાઓ બનાવવા માટે રાજ્ય સરકારે ગ્રાન્ટ પણ



"વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ફક્ત ૧૭ દિવસમાં ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરના દરવાજા ચડાવવાની મંજૂરી અપાઈ અને તાજેતરમાં સારા વરસાદથી સરદાર સરોવર ડેમ પ્રથમ વખત ૧૩૮.૬૮ મીટર એટલે કે ૪૫૫ ફૂટની સર્વોચ્ચ સપાટી સુધી નર્મદાનીરથી ભરાઈ જતા, સમગ્ર ગુજરાતના નાગરિકોમાં અનેરા આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે."

**શ્રી બિનાબેન આચાર્ય, માન. મેયરશ્રી**



"નમામિ દેવી નર્મદે કાર્યક્રમાં નર્મદા નીરના વધામણાં કરવા હજારોની સંખ્યામાં એકત્ર થયેલા નાગરિક ભાઈ–બહેનોએ જળનું મૂલ્ય સમજીને જે પ્રતિબધ્ધતા અને ઋણ સ્વીકારની ભાવના પ્રદર્શિત કરેલ છે તે બદલ હું સૌની અભિનંદન પાઠવી આભાર વ્યકત કરૂ છું."

**શ્રી અશ્વિનભાઈ મોલિયા, માન. ડેપ્યુટી મેયરશ્રી**



"વિશ્વના વિકસિત દેશોમાં પણ પાણીની ખૂબ જ સમસ્યા છે. દરેક ગૃહિણીને પાણીની કિંમત સમજાય છે, છપ્પનીયા દુષ્કાળથી વૃધ્ધો જાણકાર છે. રાજકોટમાં ભૂતકાળમાં ટ્રેન દ્વારા પાણી આવતું. પાણીની સ્થિતિ ખૂબ વિકટ હતી. પરંતુ, દેશના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલનું એક સ્વપ્ન હતું કે મારા રાજ્યની જનતાની ધરાને તૃપ્ત કરવા નર્મદા ડેમ જરૂરી છે."

**શ્રી ઉદયભાઈ કાનગડ, માન. ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી**



"કુદરતની મહેરબાનીથી વરસાદ સારો થયો છે તેમજ સરકારશ્રીની 'સૌની યોજના'ના પરિણામ સ્વરૂપે રાજકોટના આજી–૧ અને અન્ય ડેમો પૂર્ણ ક્ષમતાએ ભરાઈ ચુક્યા છે. પાણીની છત હોય ત્યારે પણ તેનું મૂલ્ય સમજીને તેનો જરૂરિયાત મુજબ જ વપરાશ કરીએ તેમાં જ આપણા સૌનું હિત છે."

**શ્રી ઉદિત અગ્રવાલ, માન. કમિશનરશ્રી, રા.મ્યુ.કો.**





મંજુર કરેલ છે. આજે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નર્મદા સરોવર ખાતે નર્મદાનીરના વધામણા કરશે તેમજ તેમનો આજરોજ જન્મ દિવસ હોઈ, ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે માન. સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયાએ જણાવેલ કે, આપણા માટે આજે મહત્વનો દિવસ છે. જેની ૬ દાયકાથી રાહ જોઈ રહ્યા હતા તે સપનું આજે સાકાર થયું છે. સરદાર સરોવર આજે તેની ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ ક્ષમતાએ ભરાઈ ગયેલ છે. સાથો–સાથ આજે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ પણ છે. સરદાર વલ્લભભાઈ પટેલે નર્મદા ડેમનું જે સ્વપ્ન જોયું હતું તેને વડાપ્રધાનશ્રી મોદી અને રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખૂબ જહેમત સાથે પરિપૂર્ણ કર્યું છે. આજે સરદાર સરોવરના નીર સૌરાષ્ટ્ર–કચ્છમાં પહોંચી ચુક્યા છે અને જળ કટોકટી ભૂતકાળ બની ગઈ છે. માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા ના નીર રાજકોટણા આજી–૧ ડેમમાં પહોચાડવાની ૧૮ માસની કામગીરી માત્ર અડધા સમયમાં પૂર્ણ કરાવી આજી ડેમમાં નર્મદા નીરનું અવતરણ કરાવેલ.

આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગતમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે, આજે આપણા દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે. આજે નર્મદા–સરદાર સરોવર ડેમની સપાટી ૧૩૮ મીટરને વટી ગઈ છે. માત્ર રાજકોટ જ નહિ પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ આ અવસરની ચાતક નયને વાટ જોઈ રહ્યા હતા. આ સ્વપ્ન આજે સાકાર થયું છે.

કહેવાય છે કે, બે વિશ્વ યુદ્ધ થયા ને હવે ત્રીજું વિશ્વ યુદ્ધ પાણી માટે થશે, કારણ જળ એ જીવન છે. આપણા શરીરમાં ૭૦ થી ૮૦ ટકા ભાગમાં પાણી છે. વિશ્વના વિકસિત દેશોમાં પણ પાણીની ખૂબ જ સમસ્યા છે. દરેક ગૃહિણીને પાણીની કિંમત સમજાય છે, છપ્પનીયા દુષ્કાળથી વૃધ્ધો જાણકાર છે. રાજકોટમાં ભૂતકાળમાં ટ્રેન દ્વારા પાણી આવતું. પાણીની સ્થિતિ ખૂબ વિકટ હતી. પરંતુ, દેશના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલનું એક સ્વપ્ન હતું કે મારા રાજ્યની જનતાની ધરાને તૃપ્ત કરવા નર્મદા ડેમ જરૂરી છે. તા.૫–૪–૧૯૬૧ના રોજ નર્મદા ડેમનું ખાતમુહૂર્ત થયેલ. જે તે વખતે ભાખરા નાંગલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જે તે સમયે કેન્દ્રના નેતાઓને ગુજરાત સામે શું વાંધો હતો તે ખબર નથી. પરંતુ, કેન્દ્રની સરકારોએ નર્મદા ડેમની ઊંચાઈ વધારવાના કામમાં સતત અવરોધ ઉભા કરેલા. મેઘા પાટેકર વિગેરેને હાથા બનાવ્યા. ગુજરાતને પાણી ન મળે તે એક જ આશય હતો. પરંતુ, કુદરતે કંઈક સારું ધાર્યું. રાજ્યના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા અને નર્મદાના અટકેલા કામો આગળ ધપાવ્યા, દરવાજા મુકાવ્યા, સાથોસાથ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટની પીવાના પાણીની ચિંતા ઉકેલવા માટે સૌની યોજના ખૂબ ઝડપે આગળ ચલાવી. ખેડૂતોને ખેતી માટે જરૂરી સિંચાઈનુ પાણી આપવામાં આવે છે. માન. મુખ્યમંત્રીશ્રી રાજકોટની ચિંતાથી સારી રીતે વાકેફ છે અને એટલે જ તેમણે ખૂબ જ ઝડપથી સૌની યોજનાનું કામ પૂર્ણ કરાવી નર્મદાનીરથી આજી ડેમ ભરી દીધેલ. માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની હેઠળ આખા ગુજરાતમાં આજે નર્મદાના નીરના વધામણાના કાર્યક્રમો યોજવામાં આવેલ છે. તેમજ રાજકોટ શહેર તથા સૌરાષ્ટ્રના તમામ શહેર માટે અનુકુળરૂપ થાય તે માટે નવું એરપોર્ટ, અદ્યતન બસ પોર્ટ, એઈમ્સ, ૬–લેન રોડ વિગેરે જેવી સુવિધાઓનું સપનું સાકાર થઇ જવા રહ્યું છે.

આ અવસરે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શાસક પક્ષ શ્રી દંડક અજયભાઈ પરમાર, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડીયા, બાંધકામ સમિતિ ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, કોર્પોરેટર શ્રી દેવુબેન જાદવ, શ્રી દર્શિતાબેન શાહ દ્વારા મંચસ્થ મહેમાનો, સંતો મહંતોનું અને સમાજના શ્રેષ્ઠીઓનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. જયારે આભારવિધી ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અનુસંધાને આજી ડેમ સાઈટ ખાતે પદાધિકારીઓ તથા અન્ય મહાનુભાવો અને અધિકારીઓ દ્વારા પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવેલ. તેમજ વ્રુક્ષારોપણ કરવામાં આવેલ ત્યાર બાદ પ્રથમ ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરેલ ત્યારબાદ પોરબંદર ખાતેના સાંદીપની આશ્રમના શાસ્ત્રીઓ દ્વારા નર્મદા સ્ત્રોતમનું ગાન કરેલ તેમજ શ્રી પવન પુત્ર ગરબી મંડળની બાળાઓ દ્વારા જટાળા જોગી અને ધન્ય છે ગુજરાત ની કૃતિઓ રજુ કરી જયારે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના છાત્રો દ્વારા સોરઠી રાસ રજુ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડાયસ કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહાનુભાવો, સંતો, સમાજના શ્રેષ્ઠીઓ તેમજ જાહેર જનતા દ્વારા દીપમાળા દ્વારા નર્મદા મૈયાની મહાઆરતી તેમજ ચૂંદડી, શ્રીફળ, પુષ્પ અર્પણ કરી નીરના વધામણા કરેલ તેમજ રંગબેરંગી ફુગ્ગો ગગનમાં છોડવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, શહેર ભાજપ સંગઠન ના હોદ્દેદારો, જુદા જુદા મોરચા હોદ્દેદારશ્રીઓએ જહેમત ઉઠાવી હતી.



“ જેની ૬ દાયકાથી રાહ જોઈ રહ્યા હતા તે સરદાર સરોવર તેની ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ ક્ષમતાએ ભરાઈ ગયેલ છે. સાથોસાથ આજે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ પણ છે. સરદાર વલ્લભભાઈ પટેલે નર્મદા ડેમનું જે સ્વપ્ન જોયું હતું તેને વડાપ્રધાનશ્રી મોદી અને રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખૂબ જહેમત સાથે પરિપૂર્ણ કર્યું છે. ”

માન. સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા , રાજકોટ



